ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના માધ્યમથી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ મારફત ટેક હોમ રેશનના ઉત્પાદન અને વિતરણ વ્યવસ્થા પ્રસ્થાપિત કરવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ: ક્રમાંક: આઇસી/૧૧૨૦૧૩/૧૦૮૮/બ
સચિવાલય, ગાંધીનગર
તા: ૦૯/૦૮/૨૦૧૭

## વંચાણે લીધા:

(૧) ભારત સરકારના ઠરાવ ક્રમાંક: **F.No.5-9/2005/ND/Tech(VoL-II) Dt: 24/2/2009**

(૨) ભારત સરકારના ઠરાવ ક્રમાંક: **No. 1-8/2012-CD-I Dt: 26/12/2012**

(૩) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી-૧૧૨૦૧૨-૩૪૪-(પા.ફા) –બ તા: ૨૪/૬/૨૦૧૩

(૪) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી-૧૧૨૦૧૩-૧૦૮૮–બ તા: ૦૨/૦૨/૨૦૧૭

(૫) તા: ૧૩/૭/૨૦૧૭ ની સચિવશ્રીઓની ખરીદ સમિતિની કાર્યવાહી નોંધ

(૬) તા: ૪/૮/૨૦૧૭ ની કેબીનેટની મંત્રીમંડળની કાર્યવાહી નોંધ

(૭) સપ્લીમેન્ટ્રી ન્યુટ્રીશન રૂલ્સ ૨૦૧૭

## આમુખ:

આઈસીડીએસ યોજના હેઠળ ૬ મહિનાથી ૬ વર્ષનાં બાળકો, સગર્ભામાતા, ધાત્રીમાતા તથા કિશોરીઓને પૂરક પોષણ પૂરું પાડવામાં આવે છે. સંદર્ભ (૧) માં વંચાણે લીધેલ ભારત સરકાર ના તા,૨૪/૨/૨૦૦૯ ના પત્ર દ્વારા પોષણના ધોરણો અને નાણાકિય ધોરણો નક્કી કરવામાં આવેલ છે. સંદર્ભ (૨) માં વંચાણે લીધેલ ભારત સરકાર ના તા.૨૬/૧૨/૨૦૧૨ ના પત્ર દ્વારા આઇસીડીએસ યોજના અંતર્ગત નાણાંકિય ધોરણોમાં સુધારો કરવામાં આવેલ છે. સંદર્ભ (૩)માં વંચાણે લીધેલ

મહિલા અને બાળ વિકાસ વિભાગ ના તા:૨૪/૬/૨૦૧૩ના ઠરાવથી સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત પૂરક પોષણ આહારનું ઉત્પાદન કરી વિતરણ (વિકેન્દ્રીકરણ) કરવા અંગેની તબક્કાવાર કામગીરી સખી મંડળ/સ્વ સહાય જૂથો/જિલ્લા સખી સંઘ/ દુધ ઉત્પાદક સંઘ ને સુપરત કરવા અંગેની નીતિ નક્કી કરેલ છે. સંદર્ભ(૪) માં વંચાણે લીધેલ મહિલા અને બાળ વિકાસ વિભાગ ના તા.૨-૨-૨૦૧૭ના ઠરાવથી સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત છ માસ થી ત્રણ વર્ષના બાળકો અને ત્રણ વર્ષ થી છ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકો તેમજ સગર્ભા માતા, ધાત્રી માતા અને કિશોરીઓને ટેક હોમ રેશન તરીકે ભારત સરકારના નિયત કરેલ ભાવોની મર્યાદામાં ગુણવત્તાસભર આહાર મળી શકે તે માટે ડેરી ક્ષેત્રની વિશ્વવિખ્યાત અગ્રગણ્ય સંસ્થા ગુજરાત કો-ઓપરેટીરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન(GCMMF) ને જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘો તથા મંજૂર સખી સંઘોને સાંકળીને ટેક હોમ રેશન પુરુ પાડવા માટેની કામગીરીને મંજૂરી આપવામાં આવેલ. સંદર્ભ (૫) માં વંચાણે લીધેલ  તા. ૧૩/૭/૨૦૧૭ ના સચિવશ્રીઓની ખરીદ સમિતી ની બેઠકમાં GCMMF ના માધ્યમથી જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘ દ્વારા ટેક હોમ રેશનના ઉત્પાદન અને વિતરણ વ્યવસ્થા પ્રસ્થાપિત કરવા અંગે મંજૂરી આપવામાં આવેલ તથા કેબીનેટની મંત્રીમંડળની મંજૂરી મેળવવા માટે ભલામણ કરેલ. સંદર્ભ (૬) માં વંચાણે લીધેલ કેબીનેટની મંત્રીમંડળની તા. ૪/૮/૨૦૧૭ ની બેઠકમાં ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના માધ્યમથી જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘો મારફત ટેક હોમ રેશન (THR) પુરુ પાડવા માટેની કામગીરી સુપરત કરવા અંગે મંજૂરી આપવામાં આવેલ છે.

## ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે અને ઉપરોક્ત કેબીનેટની મંત્રીમંડળની અનુમતિને આધારે ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના માધ્યમથી જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘો મારફત ટેક હોમ રેશન (THR) પુરુ પાડવા માટેની કામગીરી સુપરત કરવાનું નીચેની શરતોએ આથી ઠરાવવામાં આવે છે.

(૧) ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (GCMMF) ના માધ્યમથી જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘ મારફત ટેક હોમ રેશનના ઉત્પાદન અને વિતરણ વ્યવસ્થા પ્રસ્થાપિત કરવાની રહેશે.

(૨) ગુજરાત સરકારની નીતિ મુજબ ખેડૂતોની બનેલી તથા સહકારી ધોરણે ચાલતા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘો મારફત ટેક હોમ રેશન (THR) ના ઉત્પાદન અને વિતરણ માટે વિશ્વ પ્રખ્યાત ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (GCMMF) મારફત ગુજરાત રાજ્યના બાળકોને ગુણવત્તાયુકત પોષણક્ષમ આહાર મળી રહેશે, આથી GCMMF દ્વારા દરખાસ્તમાં રજૂ કરેલ ૧૦ વર્ષ માટેના સમયગાળા માટે ટેક હોમ રેશન પુરૂ પાડવા અથવા સંદર્ભ (૭) સપ્લીમેન્ટરી ન્યુટ્રીશન (અન્ડર આઈસીડીએસ) રૂલ્સ, ૨૦૧૭નાં રૂલ્સ – ૯માં જણાવ્યા મુજબ આખાય રાજ્યની ટેક હોમ રેશન (THR) ની જરૂરીયાતને પહોંચી વળાય તેટલા સેલ્ફ-હેલ્પ ગ્રુપને સાંકળી શકાય તેટલો સમય-ગાળો અથવા બે માંથી જે વહેલું હોય ત્યાં સુધીના સમયગાળા માટે ટેક હોમ રેશન (THR) પુરૂ પાડવાનું રહેશે.

(૩) ગુજરાત કો-ઓપરેટીરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનની તા.૨૯/૬/૨૦૧૭ ની દરખાસ્તમાં રજૂ કરેલ વિગતો મુજબ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘો મારફત દરખાસ્તમાં નિયત કરેલ જિલ્લાઓમાં ટેક હોમ રેશન (THR) નું ઉત્પાદન કરી વિતરણ કરવાનું રહેશે.

(૪) છ માસ થી ત્રણ વર્ષના બાળકો, છ માસ થી છ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકો તેમજ સગર્ભા માતા, ધાત્રી માતા અને કિશોરીઓને ટેક હોમ રેશન તરીકે ભારત સરકારના નિયત કરેલ પોષણના ધોરણો મુજબ તેમજ નિયત કરેલ ભાવોની મર્યાદામાં ટેક હોમ રેશન (THR) પુરૂ પાડવાનું રહેશે. મંજૂર ભાવોની વિગત નીચે મુજંબ છે.

| વિગત | બાળકો માટે | સગર્ભા, ધાત્રી અને કિશોરીઓ માટે |
|---|---|---|
| | રૂ.૪૮ પ્રતિ કિલો (Excluding GST & Transportation Cost) | રૂ.૫૪/- પ્રતિ કિલો (Excluding GST & Transportation Cost) |
| પ્રતિ દિવસ ખર્ચ Per Serving Cost | રૂ.૬/- | રૂ.૭/- |
| પ્રતિ દિવસનો જથ્થો Serving Size | ૧૨૫ ગ્રામ | ૧૪૫ ગ્રામ |

ઉપરોકત પ્રોડકટના ભાવોમાં ટ્રાન્સપોર્ટેશન અને ટેકસનો સમાવેશ થતો નથી. આથી ભવિષ્યમાં જયારે પ્રોજેકટનું ખરેખર અમલીકરણ શરૂ થાય ત્યારે જો ભારત સરકારના નાણાંકિય

ધોરણોમાં સુધારો ન થાય તો ટ્રાન્સપોર્ટેશન અને ટેક્સના ખર્ચને મહિલા બાળ વિકાસ વિભાગની કુલ બજેટ મર્યાદામાં (બજેટ સીલીંગ) ખર્ચ કરવાનો રહેશે તથા ટેક હોમ રેશનના ઉત્પાદન અને વિતરણ માટે એક માસનું એડવાન્સ GCMMF ને આપવાનું રહેશે. ભાવોની પ્રતિ વર્ષ સમીક્ષા કરવાની રહેશે.

(૫) ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (GCMMF) દ્વારા ઉત્પાદન કરવામાં આવનાર ટેક હોમ રેશનની ગુણવત્તા, શુધ્ધતા, તોલ-માપ અને સુક્ષ્મપોષક તત્વોનું પ્રમાણ વગેરે ભારત સરકાર દ્વારા વખતો-વખત નક્કી કરવામાં આવે તે મુજબ અનુસરવાનું રહેશે.

(૬) GCMMF દ્વારા ઉત્પાદન કરવામાં આવનાર ટેક હોમ રેશનનું વિતરણ રાજ્યની તમામ આંગણવાડી સુધી પહોંચતું કરવાનું રહેશે.

(૭) નામદાર સુપ્રિમકોર્ટની સૂચના તથા સપ્લીમેન્ટ્રી ન્યુટ્રીશન રૂલ્સ -૨૦૧૭ માં જણાવ્યા અનુસાર ટેક હોમ રેશન વિના વિક્ષેપ પુરૂ પાડવાનું રહેશે.

(૮) ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના માધ્યમથી જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘો મારફત ટેક હોમ રેશન પુરુ પાડવાની કામગીરીની વખતો-વખત સમીક્ષા કરવા તથા હાલમાં દરખાસ્તમાં રજૂ કરવામાં આવેલ ભાવોની પ્રતિ વર્ષ સમીક્ષા કરવાની રહેશે. આ કામગીરીની સમીક્ષા કરવા માટે નીચે મુજબની વ્યવસ્થાપક (Management) કમિટિની રચના કરવાની રહેશે.

૧ સચિવશ્રી મહિલા અને બાળ વિકાસ - અધ્યક્ષ
૨ ગુજરાત કો-ઓપરેટીરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના મેનેજીંગ ડાયરેક્ટશ્રી- સભ્ય
3 સબંધીત જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘો મેનેજીંગ ડાયરેક્ટશ્રીઓ - સભ્ય
૪ નિયામકશ્રી(આઇસીડીએસ) - સભ્ય સચિવ
૫ અધ્યક્ષ દ્વારા સુચવ્યા મુજબના - સભ્ય

(૯) FSSAI (Food Safty and Standerd Authority of India) ના રૂલ્સ ની જોગવાઇઓ અને અન્ય આનુષાંગિક નિયમોનો અમલ કરવાનો રહેશે.

(૧૦) પુરક પોષણ આહારનું નિયમો અનુસાર ફુડ એન્ડ ડ્રગ્ઝ લેબોરેટરી, વડોદરા તેમજ અન્ય સરકાર માન્ય લેબોરેટરી પાસેથી ટેસ્ટીંગ કરાવવાનું રહેશે.

(૧૧) ટેક હોમ રેશનના ઉત્પાદન માટે ઘંઉ રાજ્યકક્ષાએથી પુરા પાડવામાં આવશે.

(૧૨) કાયદા વિભાગ દ્વારા ચકાસી આખરી કરેલ એગ્રીમેન્ટ મુજબ નિયામકશ્રી આઇસીડીએસ તથા ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના તથા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘો વચ્ચે એગ્રીમેન્ટ કરવાનું રહેશે.

(૧૩) એગ્રીમેન્ટ કર્યા બાદ ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન દ્વારા તાત્કાલિક ટેક હોમ રેશન ના ઉત્પાદન માટેની કામગીરી શરૂ કરવાનો રહેશે.

(૧૪) આ ઠરાવ થયેથી તા.૩૦/૧/૨૦૧૦ ના ક: આઇસીડી/૧૧૨૦૦૯/૬૦૬/બ ઠરાવમાં દર્શાવેલ ઉત્પાદકો પાસેથી પ્રિમિક્ષ ખરીદી માટેનો ઠરાવ રદ કરવામાં આવે છે.

(૧૫) પૂરક પોષણ અંગેનો ખર્ચ મંજૂર થયેલ અંદાજપત્રીય જોગવાઇ સામે નીચે મૂજબના સદરે ઉધારવાનો રહેશે.

(૧) માંગણી ક્રમાંક: ૧૦૬
મુખ્ય સદર: ૨૨૩૬ પોષણ
પેટા મુખ્ય સદર: ૦૨-પોષણ ખાધ્ય અને પીણાની વહેંચણી
ગૌણ સદર: ૮૦૦ અન્ય ખર્ચ
પેટા સદર: (૨) એનટીઆર-૧, સંકલિત બાળ વિકાસ સેવા યોજના (આયોજન)

(૨) માંગણી ક્રમાંક: ૯૫
મુખ્ય સદર: ૨૨૩૫ સામાજીક સુરક્ષા અને કલ્યાણ
પેટા મુખ્ય સદર: ૦૨-સમાજ કલ્યાણ
ગૌણ સદર: ૮૦૦ અન્ય ખર્ચ
પેટા સદર: (૧) એનટીઆર-3, ખાસ પોષણ કાર્યક્રમ

(3) માંગણી ક્રમાંક: ૯૬
મુખ્ય સદર: ૨૨૩૬ પોષણ
પેટા મુખ્ય સદર: ૦૨-પોષણ યુક્ત આહાર અને પીણાનું વિતરણ
ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના
પેટા સદર: ૦૨ (એનટીઆર-૨), સંકલિતબાળ વિકાસ સેવા યોજના (પ્લાન)

તથા સબલા યોજના અંતર્ગત નીચેના સદરે પુરક પોષણનો ખર્ચ ઉધારવાનો રહેશે.

(૧) માંગણી ક્રમાંક: ૧૦૬

મુખ્ય સદર: ૨૨૩૬ પોષણ

પેટા મુખ્ય સદર: ૦૨-પોષણ ખાધ્ય અને પીણાની વહેંચણી

ગૌણ સદર: ૮૦૦ અન્ય ખર્ચ

ખર્ચ પેટા સદર: ૧૪ રાજીવ ગાંધી યોજના ફોર એડોલેશન ગર્લ્સ-સબલા(કે.પુ.યો ૫૦:૫૦)

(૨) માંગણી ક્રમાંક: ૯૫

મુખ્ય સદર: ૨૨૩૫ સામાજીક સુરક્ષા

પેટા મુખ્ય સદર: ૦૨- પોષણ ખાધ્ય અને પીણાની વહેંચણી

ગૌણ સદર: ૮૦૦ અન્ય ખર્ચ

પેટા સદર: ૦૨ રાજીવ ગાંધી યોજના ફોર એડોલેશન ગર્લ્સ-સબલા(કે.પુ.યો ૫૦:૫૦)

(૩) માંગણી ક્રમાંક: ૯૬

મુખ્ય સદર: ૨૨૩૬ પોષણ

પેટા મુખ્ય સદર: ૦૨- પોષણ ખાધ્ય અને પીણાની વહેંચણી

ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના

પેટા સદર: ૦૯ રાજીવ ગાંધી યોજના ફોર એડોલેશન ગર્લ્સ-સબલા(કે.પુ.યો ૫૦:૫૦)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકઃ ની ફાઇલ ઉપર કેબીનેટ (મંત્રી મંડળ) ની તા. ૪/૮/૨૦૧૭ ના બેઠકમાં મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી,(મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- માન. રા.ક. મંત્રીશ્રી,(મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી તમામ ના અંગત સચિવશ્રી
- માન. રા.ક.મંત્રીશ્રી તમામ ના અંગત સચિવશ્રી
- માન. સંસદીય સચિવશ્રી તમામ ના અંગત સચિવશ્રી
- માન. મુખ્ય સચિવશ્રી ના અંગત સચિવશ્રી
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ ,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (સહકાર) કૃષિ અને સહકાર વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- મ્યુનિસિપલ કમિશ્નર શ્રી મ.ન.પા. તમામ
- કમિશ્નરશ્રી, મહિલા ને બાળ વિકાસ કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી (આઇસીડીએસ) કમિશ્નરશ્રી મહિલા ને બાળ વિકાસ કચેરી, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી ગુજરાત લાઇવલીહુડ પ્રોમોશન કંપની
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન
- એકાઉન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નાણા સલાહકરશ્રી મહિલા અને બાળ  વિકાસ,નાણા વિભાગ સચિવાલય ગાંધીનગર
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગુંજરાત રાજ્ય તમામ
- જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી(આઇસીડીએસ) ગુજરાત રાજ્ય તમામ
- શાખા સિલેક્ટ ફાઈલ.